એન.એ./યુ-૨/કેસ નં.૫/કલમ-૬૫-એ/ઓગણજ/૨૦૧૧-૧૨

નાયબ કલેકટર (બીન ખેતી) ની કચેરી,
જીલ્લા સેવા સદન, પ્રથમમાળ કલેકટર કચેરી,
સુભાષબ્રીજ, અમદાવાદ-૨૭
તા. ૯-૦૮-૨૦૧૨

**વંચાણે લીધું :**

(૧) જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫,૬૫-એ,૬૬,૬૭ હેઠળની તેમજ નિયમ-૧૦૦ ની જોગવાઈ.
(૨) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક નં.એલઆરસી/૧૦-૨૦૦૨/૧૬૪૦/ક તા.૨૨-૪-૨૦૦૩
(૩) સરકાર શ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક :બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૧-૦૭-૨૦૦૮
(૪) જિલ્લા કલેકટરશ્રી,અમદાવાદના સુધારા હુકમ નં.સીબી/એડીએમ/બીનખેતી સત્તા/૦૯ તા.૨૪-૮-૨૦૦૯ ના સુધારા હુકમ સાથે જિલ્લા કલેકટરશ્રીના હુકમ નં.સીબી/એડીએમ/બીનખેતી સત્તા/સોંપણી/૧૧ તા.૨-૧૨-૨૦૧૧
(૫) અરજદાર વૈભવી ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીના વહિવટ કર્તા ભાગીદાર શ્રી સુરેશ ભાઈ છગનભાઈ પટેલ ની જ.મ.કા.કલમ-૬૫-એ હેઠળ ની તા.૨-૦૩-૨૦૧૨ની અરજી.
(૬) કબજેદારનો તા.૧૫-૦૩-૨૦૧૨ ના રોજનું સ.ઓ.રૂબરૂ કરેલ સ્થળ સ્થિતીનું પંચનામું.

**હુકમ :**

એપેન્ડીક્સ-એ, માં દર્શાવેલ જમીનના કબ્જેદાર દ્વારા આમુખ-(૫) વાળી અરજી અન્વયે જ.મ.કા.ક-૬૫/એ, હેઠળ બીનખેતી ની રહેણાંક હેતુ ના બદલે વાણિજ્ય બીનખેતી હેતુ માટે ઉપયોગ કરવા નીચે દર્શાવેલ તેઓની માલિકીની જમીનની રીવાઈઝ બીનખેતી માટેની પરવાનગીની માંગણી કરેલ છે. કબ્જેદારની રજુઆત મુજબ તથા કામના કાગળો જોતાં રેકર્ડ ઉપર અરજદારનું નામ કબજેદાર તરીકે ચાલે છે તથા શહેરી જમીન ટોચ મર્યાદા કાયદા અન્વયે પ્રશ્નવાળી જમીન ફાજલ થયેલ નથી કે સરકાર પક્ષે કબજો લેવાયેલ નથી તેમ કાગળો ઉપરથી ફલિત થાય છે.તેમજ સદર જમીન અંગે મે.જિલ્લા કલેકટરશ્રી અમદાવાદના હુકમ નં.સીબી/જમીન/એનએ/એસઆર-૨૪૯/૨૦૦૭-૦૮ તા.૧૨-૨-૨૦૦૮,હુકમ નં.સીબી/જમીન/એનએ/એસઆર-૧૧૫/૨૦૦૭-૦૮ તા.૨૨-૧૦-૨૦૦૭, હુકમ નં.સીબી/જમીન/એનએ/એસઆર-૧૫૫/૨૦૦૮-૦૯ તા.૨-૯-૨૦૦૮ તથા હુકમ નં.સીબી/જમીન/એનએ/એસઆર-૧૧૩/૨૦૦૭-૦૮ તા.૭-૧-૨૦૦૮ થી રહેણાંક હેતુ માટે મંજુરી આપવામાં આવેલ હતી.જે બાબતનો હુકમની નકલ રજુ કરેલ છે.અરજદાર જે બાંધકામ કરવા માંગે છે તે મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આપેલ ઝોનીંગ સર્ટી મુજબ રહેણાંક ઝોન-૨ માં સમાવેશ થયેલ છે,જેની નકલ રજુ થયેલ છે.આમુખ (૪) માં જણાવેલ જિલ્લા કલેકટરશ્રીના હુકમથી કલમ-૬૫-એ હેઠળની રીવાઈઝ બીનખેતી પરવાનગી આપવાની સત્તા અત્રે આપેલ છે.કબજેદાર દ્વારા માંગેલ રીવાઈઝ્ડ બીનખેતીની એટલે કે હેતુફેરની અરજી માન્ય રાખવા પાત્ર જણાય છે.

---

એપેન્ડીક્સ-એ (જમીનની વિગત)

મોજે ઓગણજ સ.નં.૧૪૧૮/૨,૧૫૨૫/૨૧૪,૧૫૨૫/૨૩૦/૧,૧૫૨૫/૨૩૩,૧૫૨૫/૨૩૪ ટીપી નં.૫૪

એફ પી નં ૨૧,૫૮,૬૧/૨/૧,૬૯,૭૦ બિનખેતી હેતુ : વાણિજ્ય ક્ષેત્રફળ : ૭૦૦.૯૦ ચો.મી.

એપેન્ડીક્સ-બી (કરવેરાની વિગત)

| | | | |
|---|---|---|---|
| (૧) રૂપાંતર કર | રૂા.૨૧,૦૨૭/- | ચલન નંબર :-૧૦૭૬ | તારીખ : ૬/૦૮/૨૦૧૨ |
| (૨) વિશેષ ધારો | રૂા.૪૨૧/- | પહોંચ નંબર :-૩૩ | તારીખ : ૪/૦૮/૨૦૧૨ |
| (૩) લોકલ ફંડ | રૂા.૨૧૧/- | પહોંચ નંબર :-૩૩ | તારીખ : ૪/૦૮/૨૦૧૨ |
| (૪) શિક્ષણ ઉપકર | રૂા.૧૦૬/- | પહોંચ નંબર :-૧૪૦ | તારીખ : ૪/૦૮/૨૦૧૨ |

શરતભંગ બદલ

(૫) વિશેષધારા દંડની રકમ : ૧૬૮૨૨/- પહોચનં.૩૨ તા.૪-૮-૧૨ (સને૨૦૧૧-૧૨ ના વર્ષ થી શરતભંગ બદલ)

(૧૩) આ પરવાનગી અરજદારે રજુ કરેલ વિગતોને આધારે આપવામાં આવેલ છે. રજુ થયેલ કોઈ વિગત ખોટી હોવાનું જાહેર થયેથી કે ઉપરની નિર્દિષ્ટ કોઈપણ શરતોનો ભંગ થયેથી આ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે તથા જમીન મહેસુલ કાયદા ૧૮૭૯ ની અંતર્ગત કલમ-૭૯/એ હેઠળ પગલા લેવાને પાત્ર રહેશે. અને તત્કાલીન અમલમાં હોય તેવા બીજા કોઈ પણ કાયદાની જોગવાઈઓના બાધ વિના ઈન્ડીયન પીનલ કોડ હેઠળ કબ્જેદારો ફોજદારી ગુન્હા માટે શિક્ષાત્મક પગલા લેવાને પાત્ર બનશે. તથા જમીન મહેસુલ કાયદા ૧૮૭૯ ની કલમ-૬૬ તથા મુંબઈ જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ના **નિયમોના નિયમ ૧૦૦, અનુસાર યોગ્ય તે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. અને બાંધકામ દુર કરાવવા સહિતના એક** કે વધુ પગલા લેવામાં આવશે.

નાયબ કલેક્ટર (બીનખેતી)
અમદાવાદ

પ્રતિ,
વૈભવી ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીના વહિવટ કર્તા ભાગીદાર
શ્રી સુરેશ ભાઈ છગનભાઈ પટેલ
રહે.એપીએમ મોલ,૪થે માળ,સતાધાર ચાર રસ્તા,
ઘાટલોડીયા,અમદાવાદ

<u>નકલ રવાના :-</u>

૧) મામલતદારશ્રી,સીટી (પશ્ચિમ) તરફ..
૨/- આગળની જરૂરી કાર્યવાહી તથા સનંદ ભરાવવા અંગે ઘટતી કાર્યવાહી હાથ ધરવા સારુ તથા તે અંગે થયેલ પ્રગતિ કાર્યવાહી અંગે અત્રે લેખીતમાં અહેવાલ મોકલવા અર્થે.

૨) તલાટી શ્રી ઓગણજ તરફ આગળની કાર્યવાહી તથા ગામ નમુના નં.૨ માં જરૂરી નોંધ કરવા સારૂ તા.સીટી.જી.અમદાવાદ અમલવારી અંગેની અત્રે લેખીતમાં જાણ થવા સારૂ.

૩) સીટી સર્વે સુપ્રિ.શ્રી, સર્વેભુવન, મોજણી ભવન,ભીમજીપુરા,નવા વાડજ, અમદાવાદ તરફ રેકર્ડમાં જરૂરી નોંધ કરવા સારુ.

૪) મ્યુનિ. કમિશ્નરશ્રી, (એસ્ટેટ) દાણાપીઠ, અમદાવાદ/મુખ્ય કારોબારી અધિકારીશ્રી/ઔડા ઉસ્માનપુરા, અમદાવાદ

૫) જન સેવા કેન્દ્ર તરફ,અરજી નં. ૫૬૭૪૦૭ તા.૨-૦૩-૧૨ અન્વયે જાણ તથા અપડેશન કરવા સારુ.

૬) સીલેક્ટ ફાઈલ.